# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-12-2025 Day: Monday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ધોરડો-સફેદ રણમાં પ્રવાસીઓનો ધસારો:

વિશ્વ વિખ્યાત ધોરડોના સફેદ રણમાં હાલ મોટી સંખ્યામાં સહેલાણીઓ આવી રહ્યા છે ખાસ કરીને નાતાલની રજાઓ અને ન્યુ યર ઉજવવા માટે દેશ વિદેશના પ્રવાસીઓ સાથે શાળા પ્રવાસના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં રણની સુંદરતાને માણવા આવી રહ્યા છે.

ધોરડોમાં જામેલી સફેદી વચ્ચે સહેલાણીઓ સફેદ રણ અને સનસેટના અદભૂત નજારાનો આનંદ માણી રહ્યા છે. માત્ર રવિવારના એક જ દિવસમાં અંદાજીત ૫૦ હજાર જેટલા પ્રવાસીઓ અહીંની રંગત માણવા ઉમટી પડ્યા હતા.

ખાસ કરીને અહીં સાંસ્કૃતિક કાર્યક્રમો, વોચ ટાવર પર લેઝર લાઈટ શો નિહાળી સહેલાણીઓ કચ્છનાં રંગે રંગાયા હતા. સખી હેન્ડીક્રાફ્ટની બજારો અને કચ્છી માવા સહિત ખાણીપીણીની બજારમાં પણ ઘરાકી જોવા મળી હતી.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે મન કી બાત કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ વિશ્વ વિખ્યાત ધોરડોના રણની મુલાકાત લેવા લોકોને અપીલ કરી હતી.

---

## સ્મૃતિયાત્રા-સાંસદ વિનોદ ચાવડા :

ગુરુ ગોવિંદસિંહજીના સાહિબઝાદા જોરાવરસિંહજી અને ફતેહસિંહજીની શહાદતને નમન કરવા સાંસદ વિનોદભાઈ ચાવડા અને ભાજપ પરિવાર દ્વારા લખપતથી ગાંધીધામ સુધી ૨૦૦ કિમીની 'સ્મૃતિયાત્રા' યોજવામાં આવી હતી.

આ યાત્રા લખપત ગુરુદ્વારાથી શરૂ થઈ દયાપર, નખત્રાણા, ભુજ અને અંજાર જેવા વિવિધ સ્થળોએથી પસાર થઈ ગાંધીધામ ખાતે સંપન્ન થઈ હતી. ભુજમાં કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયા પણ આ યાત્રામાં જોડાયા હતા. આ પ્રસંગે સાંસદ વિનોદ ચાવડાએ જણાવ્યું કે, સાહિબઝાદાઓનું બલિદાન પેઢીઓ સુધી રાષ્ટ્રભક્તિની પ્રેરણા આપશે. આ નિમિત્તે કચ્છની શાળાઓમાં વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં 18 હજાર 57થી વધુ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઈ સાહિબઝાદાઓના ત્યાગ અને સમર્પણને યાદ કર્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## કિસાન અધિકાર જન જાગૃતિ રથ:

કચ્છમાં ભારતીય કિસાન સંઘ દ્વારા ખેડૂતોની પડતર માંગણીઓ સંદર્ભે 'કિસાન અધિકાર જન જાગૃતિ રથ' અભિયાન વેગીલું બન્યું છે. ગત 16 ઓક્ટોબરથી જંગી ગામેથી શરૂ થયેલી આ રથયાત્રા પૂર્વ કચ્છના 470 ગામો પૂર્ણ કરી નખત્રાણા તાલુકામાં પ્રવેશી છે, જ્યાં ખેડૂતોએ તેનું ભવ્ય સ્વાગત કર્યું હતું.

આ અભિયાન દ્વારા સિંચાઈ માટે નર્મદાનું પાણી, પૂરતા વીજ પુરવઠો, ટેકાના ભાવ, અને 'સ્કાય' યોજનામાં થયેલા નુકસાનના વળતર સહિતના 10 મુદ્દાઓ પર અવાજ ઉઠાવવામાં આવી રહ્યો છે. સંગઠન દ્વારા જિલ્લાના 700 ગામોમાં લોકસંપર્ક કરવાનું લક્ષ્ય છે.

---------------------------------------------------------------------------------------------------

## ગુજરાત-કચ્છી સાહિત્ય અકાદમી-કચ્છ સાહિત્ય ઉત્સવ:

ગુજરાત-કચ્છી સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા તાજેતરમાં સ્મૃતિવન ખાતે કચ્છ સાહિત્ય ઉત્સવ ઉજવાઇ રહ્યો છે. આજે સવારના સત્રમાં કચ્છી સાહિત્યની ગઇકાલ-આજ અને આવતીકાલ અંતર્ગત કચ્છી અખર જા લેખા જોખા કચ્છી સાહિત્યકારો દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા. ગૌરવ પુરસ્કાર વિજેતા કચ્છી સાહિતયકાર વિશ્રામ ગઢવી દ્વારા કચ્છી નિબંધજી ગઇકાલ અને આજ વિષય પર વક્તવ્ય રજૂ કરાયું હતું. ગૌરવ પુરસ્કૃત સાહિત્યકાર ડો. રમેશ ભટ્ટ રશ્મિએ કચ્છી અનુવાદની ગઇકાલ-આજ અને આવતીકાલ વિષય પર વિશદ છણાવટ કરી

હતી તો ગૌરવ પુરસ્કૃત સાહિત્યકાર ગૌતમ જોશીએ કચ્છી સંગર-સ્વરૂપ અને વિકાસ વિષય પર અભ્યાસપૂર્ણ માહિતી રજૂ કરી હતી.

---------------------------------------------------------------------------------------------------

## બેરાજા-બાબિયા જુથ ગ્રામ પંચાયત-વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત-:

મુંદરા તાલુકાનાં બેરાજા ગામે બેરાજા-બાબિયા જૂથ ગ્રામ પંચાયત દ્વારા માંડવી વિધાનસભાના ધારાસભ્ય અનિરુદ્ધભાઈ દવેના હસ્તે અંદાજિત રૂા. 1.66 કરોડનાં વિકાસલક્ષી કામોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું હતું. બેરાજા ગામે મુસ્લિમ સમાજવાડીનું ખાતમુહૂર્ત અને મહેશ્વરી સમાજવાડીનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## કિડીયાનગર-મહિલાનું ડુબી જતા મૃત્યુ:

રાપર તાલુકાના કીડીયાનગર ગામમાં પાણી ભરવા ગયેલી મહિલા તળાવમાં ડૂબી જતાં તેનું મૃત્યુ થયું હતું. ભચાઉ ફાયર ટીમે બે કલાકની શોધખોળ બાદ મહિલાનો મૃતદેહ તળાવમાંથી બહાર કાઢ્યો હતો. આ ઘટના આજે વહેલી સવારે બની હતી. મહિલાનો મૃતદેહ કાઢવા માટે ફાયર ટીમે બોટની મદદથી તળાવમાં શોધખોળ આદરી હતી અને ભારે મહેનત બાદ મહિલાઓનો મૃતદેહ મળી આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

સરહદી જિલ્લા કચ્છમાં ઠંડી હવે પોતાની પકડ જમાવી રહી છે. પશ્ચિમ કચ્છના સરહદી ગામોમાં ઠંડીનો પ્રકોપ પણ વધ્યો છે. આજે નલિયા 11.4 ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ મથક બની રહ્યું હતું. જિલ્લા મથક ભુજમાં 14.4 ડિગ્રી અને કંડલામાં 16.5 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયૂ છે. વહેલી સવારે અને મોડી રાત્ર જનજીવન પર ઠંડીની વ્યાપક

અસર જોવા મળી રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર જાન્યુઆરી માસન પ્રથમ સપ્તાહમાં તાપમાનમાં બેથી 3 ડિગ્રીનો ઘટાડો નોંધાઇ શકે છે.

---

## મહા વિધાલયમાં-કાઉન્સેલર સલાહકાર રાખવા દિશા-નિર્દેશ:

વિદ્યાર્થીઓ દ્વારા થતા આપઘાતની ઘટનાઓને ધ્યાને રાખી સરકારના શિક્ષણ વિભાગે મહાવિદ્યાલય અને વિશ્વ-વિદ્યાલયો માટે દિશા-નિર્દેશ જાહેર કર્યા છે. હવે રાજ્યમાં તમામ વિશ્વ-વિદ્યાલય અને મહાવિદ્યાલયમાં માનસિક સ્વાસ્થ્ય નીતિ લાગુ કરવાની રહેશે. તેમજ વિદ્યાર્થીઓના કાઉન્સેલીંગ એટલે કે, તેમને સલાહ આપવા પણ સૂચના અપાઈ છે. તમામ વિશ્વ-વિદ્યાલય અને મહાવિદ્યાલયમાં પ્રતિ 100 વિદ્યાર્થી એક કાઉન્સૅલર એટલે કે, સલાહકાર રાખવા પડશે.

---